જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૫/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૪/૧૫</u>**

**ઇસનપુર :** ખાલીદખાન શૌકતખાન પઠાણ (રહે,રસુલાબાદ કોલોની, ઉર્દુ સ્કુલની સામે, શાહઆલમ) એ તા.૨૧/૫/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૫/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર સૌદ (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.આર.રબારી ચલાવે છે.

**<u>દુષ્પ્રેરણ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૫/૧૫</u>**

**સોલા હાઇકોર્ટ :** જયંતીભાઇ કાનજીભાઇ પટેલ(રહે.ગામ : થોરી મુબારક, તા.વીરમગામ, જી.અમદાવાદ) એ તા.૨૧/૫/૧૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જયંતીભાઇની દિકરી ઉપર અગાઉ ડૉક્ટર મોહક મહેતા નાએ કરેલ બળાત્કારની ફરીયાદ પાછી ખેંચી લેવા સારૂ, ડૉક્ટર મોહક મહેતાએ જયંતીભાઇનાં જમાઇ જીગરકુમારને રૂપિયા ૫૦ લાખ આપવાની ઓફર કરતાં, તા.૨૫/૩/૧૫ થી તા.૧૮/૫/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જીગરકુમાર રતીલાલ પટેલ (૨) મંજુલાબહેન રતીલાલ પટેલ (૩) રતીલાલ પટેલ (૪) બીંકલ ઉર્ફે ઝમકુ ડો/ઓ રતીલાલ પટેલ (તમામ રહે.શીવનગર સોસાયટી, ચાણક્યપુરી રેલ્વેબ્રીજ પાસે, ઘાટલોડીયા) નાઓએ ભેગામળી જયંતીભાઇની દિકરીને ફરીયાદ પાછી ખેંચી લેવાં, માનશીક ત્રાસ આપતાં, કંટાળી જઇ જયંતીભાઇની દિકરીએ તા.૧૮/૫/૧૫ ના કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં, ઘરે પંખા સાથે દોરી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.વી.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૬/૧૫</u>**

**વટવા :** પ્રવિણકુમાર બંસીલાલ ચાવડા (રહે,ધર્મભુમી સોસાયટી, પી.ડી.પંડ્યા કોલેજ રોડ, વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહિન્દ્રા પીકઅપ ગાડી નંબર જીજે.૯.એ.વી.૦૪૯૮ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ બે કલાકમાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૭/૧૫</u>**

**મેઘાણીનગર :** જયશ્રીબહેન ગૌતમભાઇ શ્રીમાળી (ઉ.વ.૧૩)(રહે,લક્ષ્મીનગર સોસાયટી, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૧/૫/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

**એલીસબ્રીજ :** ભાનુબહેન મોહનભાઇ મકવાણા (ઉ.વ.૫૦)(રહે,આંબેડકર કોલોની, આંબાવાડી) એ કેન્સરની બીમારીથી કંટાળી જઇ તા.૨૧/૫/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોશીન છાંટી, સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)